**સ્પે.દિવાની મુકદમા નં. ૦૩/૨૦૨૨**

## <u>વાદી ની આંક : ૫ ની કામચલાઉ મનાઈ હુકમ માટે ની અરજી લગત હુકમ :–</u>

(૧) વાદીએ હાલનો આ દાવો મનાઈ હુકમ મેળવવા માટે તથા જ્ઞાપન મેળવવા માટે તથા દરમ્યાન ની ઉપજ મેળવવા અને ૧/૨ હકક હિસ્સો મેળવવા માટે હાલનો દાખલ કરેલો છે. વાદી નો દાવો દાખલ થતા પ્રતિવાદીઓ ધ્વારા જવાબ રજુ કરવામાં આવેલ છે. અને વાદીની આંક ૫ ની મનાઈ હુકમ ની અરજી લગત વાદી તથા પ્ર.વાદી ના વિધવાન વકીલશ્રી ને સાંભળવામાં આવેલ છે.

(૨) વાદીના દાવાની ટુંકમાં હકીકત એવી છે કે, વાદીઓ હાલ ઉપરોકત સરનામે રહીએ છીએ અને મજુરી કામ કરીએ છીએ જયારે પ્રતીવાદીનં.૧,૫,૬ નાઓ તાલાલા તાલુકાના બામણાસા ગામે રહે છે અને પ્રતીવાદી નં.૨,૩, ના પોરબંદર તથા નં.૪ ના ચલાલા ગામે રહે છે, પ્રતિવાદી નં.૧ તે અમો વાદીઓના મામા થાય છે.અને પ્રતીવાદીનં. ૨, ૩, ૪ ના ઓ તે અમો વાદીઓ ના સગા બહેનો થાય છે.તેમજ પ્રતિનં.૫,૬ તથા ૭ ના તે દાવાવાળી મીલકત પૈકીની ખેતીની જમીનો ગેરકાયદેસર રીતે વેચાણ લેનારાઓ છે અને તેઓ બામણાસા ગામે રહે છે. અમો વાદીઓના માતૃશ્રી સોમીબેનનું આજથી આશરે પાંચેક વર્ષ પહેલા અવશાન થઈ જવા પામેલ છે તેમજ ગુ.સોમીબેન ના માતૃશ્રી ગુ.મધુબેન આશરે પચીસ થી ત્રીસ વર્ષ પહેલા અવશાન થઈ ગયેલ છે અને અમારા માતૃશ્રી ગુજ.સોમીબેનના પિતાશ્રી દેવદાનભાઈ હીરાભાઈનું આશરે પચાસેક વર્ષ પહેલા અવશાન થઈ જવા પામેલ છે અમારા માતૃશ્રી ગુજ.સોમીબેન તથા તેણીના ભાઈ તે આ કામના પ્રતિવાદીનં.૧ની સંયુકત ખેતીની પિયતની જમીન તાલાલા(ગીર) તાલુકાના બામણાસા ગામની સીમમાં નીચેની વિગતે આવેલ છે. ઉપરોકત દાવાવાળી જમીન તે ગુજ.સોમીબેન તથા પ્રતિવાદીનં.૧ના પિતાશ્રી દેવદાન હીરાની માલીકી કબજા ભોગવટાની વડીલોપાર્જીત મીલકત આવેલ હતી ગુજ.દેવદાન હીરાએ તેઓની હયાતીમાં તેઓ તથા ગુજ.સોમીબેન તથા પ્રતિવાદી નં.૧, તેમ બધા સંયુકત કુટુંબમાં રહી સંયુક્ત કુટુંબના સભ્યો દરજજે સદરહુ જમીનમાં ખેતીકામ કરતાં આવેલ હતાં ગુજ.દેવદાન હીરાનું આજથી આશરે પચાસેક વર્ષ પહેલા અવશાન બાદ આ દાવાવાળી જમીન પ્રતિવાદીનં.૧,તથા ગુજ.સોમીબેન સંયુક્ત રીતે રહી આ દાવાવાળી જમીન વાવતાં

ખેડતાં તથા ઉપજ લેતાં આવેલ ગુજ.સોમીબેનના લગ્ન થયા બાદ સદરહુ સંયુક્ત જમીન પ્રતિવાદીનં.૧,ખેડતાં અને ઉપજ લેતાં અને ખર્ચ બદ જતાં થતી ઉપજની રકમ ગુજ.સોમીબેનને આપતાં આવેલ હતાં સદરહુ દાવાવાળી હિન્દુ સંયુકત અવિભાજય કુટુંબની મીલકતના કોઈ ભાઈઓ ભાગ મુજબ કોઈ હિસ્સા અલગ થયેલ ન હતાં સદરહુ દાવાવાળી મીલકતમાં ગુજ.દેવદાન હીરાના સંતાનો વારસદારો દરજે અમારા માતૃશ્રી ગુજ.સોમીબેનનો જન્મ થતા થીજ હકક હીત, હિસ્સો રહેલ છે અને તે રીતે આ જમીન અમો વાદીના માતૃશ્રી સોમીબેન તથા પ્રતિવાદીનં.૧ની સંયુકત મીલકત આવેલી અને સોમીબેન ના સીધીલીટીના વારસદાર દરજજે અમો વાદીઓ તથા અમારા બહેનો તે પ્રતિવાદી નં.૨–૩–૪ નો હિસ્સો રહેલ છે. માજાલ ના વાયદ/દરતા આપેલ અને અમો વાદીઓના માતૃશ્રી સોમીબેનના અવશાન બાદ સદરહુ દાવાવળી સંયુકત મીલકતની આવકમાંથી ગુજ.સોમીબેનનો થતો અડધો હીસ્સો આપવાનું પ્રતિવાદીનં.૧નાએ બંધ કરતાં અમો વાદીઓએ ગત તા.૨૬/૪/૨૦૧૭ ના રોજ પ્રતિવાદીનં.૧ને રૂબરૂ મળી દાવાવાળી જમીનની ઉપજ માંથી થતો અડધો હીસ્સો આપવા જણાવતાં પ્રતિવાદીઓએ સાફ ઈનકાર કરેલ જેથી અમો વાદીઓએ અમારા માતૃશ્રી ગુજ.સોમીબેનનો વારસદાર દરજજે દાવાવાળી જમીન માહેનો ૧/૨ હિસ્સો ભાગ આપવા માંગણી કરતાં પ્રતિવાદીનં.૧ નાએ સાફ ઈનકાર કરી જણાવેલ કે, તમારો દાવાવાળી જમીનમાં કોઈ હિસ્સો થતો નથી અને જમીનનો કોઈ હિસ્સો ભાગ માંગવા જો આવશો તો સારાવટ રહેશે નહી તેમ ધમકીની ભાષામાં જણાવતાં અમો વાદીઓને ગુજ.સોમીબેનનો હિસ્સો તેણીના વારસદારો દરજજે અમો વાદીઓ મેળવવા હકકદાર હોઈને તે મુજબનો હિસ્સો ભાગ મળવા હાલનો દાવો રજુ છે. આ કામના પ્રતિવાદીનં.૧નાએ દાવાવાળી જમીનનો ઉપજનો હીસ્સો તેમજ જમીનનો હીસ્સો ભાઈઓ ભાગ હીસ્સો નહી આપતાં અમોને શંકા જતાં અમોએ ગત તા.૦૮/૦૯/૨૦૧૭ ના રોજ માહીતી અધીકારના કાયદા મુજબ આ દાવાવાળી જમીનના રેવન્યુ રેકર્ડની માહીતી માંગતાં અમોને પ્રથમ વખત માહીતી મળેલ કે આ કામના પ્રતિવાદીનં.૧ના એ ગુજ.સોમીબેન અને પ્રતિવાદીનં.૧ના પિતાશ્રી ગુજ. હરીજન દેવદાન હીરાના અવશાન બાદ ગુજ.સોમીબેનને અંધારામાં રાખી તેઓની જાણ બહાર રેવન્યુ તલાટી મંત્રી અને કર્મચારીઓ સાથે મળી જઈ સાંઠગાંઠ કરી વિશ્વાસઘાત –છેતર પીઠી કરી ફ્રોડ આચરી એન્ટ્રી નં.૨૫૪ થી વારસદાર હોવા ની વારસાઈ નોંધ કરેલ અને તે જ નોંધ

થી અમો વાદીઓના માતૃશ્રી સોમીબેન તથા તેણીના માતૃશ્રી મધુબેન ના હકક,હિસ્સો ઉઠાવી લેવાની બંન્ને એકજ એન્ટ્રીથી પડાવી લીધેલ છે લેન્ડ રેવન્યુ કોડ મુજબ વારસાઈ નોંધ તથા હકકો ઉઠાવવાની નોંધ એક સાથે એકજ એન્ટ્રીથી થઈ શકે નહી પરંતુ પ્રતિવાદીનં.૧ નાએ ફોડ આચરી દાવાવાળી સમગ્ર જમીન તત્કાલ હડપ કરી જવા માટે ગેરકાયદેસર રીતે રેવન્યુ અધીકારીઓ સાથે મીલાપી જઈ બંન્ને એન્ટ્રી એકી સાથે કરાવી લીધેલ છે અમારા માતૃશ્રી ગુજ.સોમીબેને ક્યારે પણ સદરહુ દાવાવાળી જમીનમાંથી પોતાનો હકક,ભાગ, હિસ્સો ઉઠાવી લીધેલાનું બનેલ જ નથી કે હિસ્સો ઉઠાવવા માટે કોઈ ખાત્રી કે કબુલાત આપેલ નથી કે કોઈ સહી કે અંગુઠો કરી આપેલ જ નથી પરંતુ પ્રતિવાદીનં.૧ના એ દાવાવાળી સમગ્ર જમીન હડપ કરી જવાના મલીન ઈરાદાથી તલાટી કમ મંત્રી રેવન્યુ કર્મચારી સાથે મીલાપી જઈ ખોટી સહી અંગુઠા કરાવી ખોટા રોજકામ ઉભા કરાવી બામણાસા ગામના સરપંચ તથા તલાટી રૂબરૂ ના ખોટા પંચનામા કબુલાતો ખોટા અંગુઠા-સહી થી ઉભા કરી ફોડ આચરી ગુજ.સોમીબેનના હકક ઉઠાવવાની તદન ખોટી બોગસ નોંધ પડાવેલ છે. સદરહુ નોંધ અન્વયે અમો અરજદારના માતૃશ્રી સોમીબેનને લેન્ડ રેવન્યુ કોડની કલમ-૧૩૫ ડી મુજબની કોઈ નોટીશ ધોરણસર રીતે બજાવેલ નથી પરંતુ ગામ દફતરે બેસીને ૧૩૫-ડી ની નોટીશના કોરા ફોર્મમાં ખોટા અંગુઠાઓ પ્રતિવાદીનં.૧ના એ જાતે કરી કરાવી એન્ટ્રી કરાવેલ છે અમો વાદીઓના માતૃશ્રી સોમીબેને દાવાવાળી મીલકતમાંથી હિસ્સો ઉઠાવેલ નથી કે તે માટેનું કોઈ દસ્તાવેજ કે ફાગતી કરી આપેલ નથી. અને માત્ર સરપંચ કે તલાટી રૂબરૂની કબુલાતથી કે જે ખોટા અંગુઠા સહી કરી ખોટી રીતે ફ્રોડ યુકત રીતે ઉભા કરેલ છે તેનાથી ગુજ.સોમીબેનનો દાવાવાળી જીમનનો હિસ્સો કાયદા મુજબ જતો રહેતો નથી આમ સદરહુ રેવન્યુ રેકર્ડમાં થયેલ નોંધનં. ૨૫૪ તે થતાંની સાથે જ ૨૬ બાતલ છે અને સદરહુ નોંધ અમારા હકક હીત વિરુધ્ધનો હોઈ ને અમોને કોઈ પણ રીતે બંધનકર્તા નથી તે માટે પણ દાવો રજુ છે. આ કામના પ્રતિવાદીનં.૧ના એ નોંધનં. ૨૫૪ થી દાવાવાળી તમામ જમીન પોતાના એકલાના નામે ગેરકાયદેસર રીતે કરાવી લીધા બાદ તેમાંથી સ.નં.૩ પૈકી ની જમીન એ.૩-૨૬ ગુઠા આ કામ ના પ્રતિવાદી નં.૬(વૃજલાલ આણંદ)ને રજી.દ.અનુ.નં.૭, તા.૭/૧/૭૪ ના દસ્તાવેજથી અમો વાદી ના માતૃશ્રી ગુ.સોમીબેન ને અંધારા મા રાખી સહી,સંમતી સિવાય ગુ.સોમીબેન સાથે વિશ્વાસઘાત,છેતરપીડી,ફ્રોડ આચરી વેચાણ આપી દીધેલ છે જે અન્વયે

રેવન્યુ રેકર્ડ એન્ટ્રી નં.૮૩ પડેલ છે જે હકીકત ની જાણ અમો ને માહીતી અધિકાર ના કાયદા નીચે નકલો માંગતા અને અમો ને તા.૮/૯/૨૦૧૭ ના રોજ નકલો મળતા પ્રથમ વખત જ માહીતી મળેલ જે જે વેચાણ એન્ટ્રી જોતાં રેવન્યુ સ.નં.૩, એ. ૩–૨૬ ગુઠાના બદલે સ.નં.૪ માંથી એ.૪–૦૩ ગુઠા વેચાણ આપેલ હોવાનું નોંધ થયેલ છે પરંતુ કોઈ સુધારા દસ્તાવેજ થયાનું સદરહુ નોંધમાં જણાતું નથી આમ સદર દસ્તાવેજ કે સુધારા દસ્તાવેજ થયેલ હોય તો તે ગુજ.સોમીબેનના હકક,હીત, હીસ્સાને સીધી રીતે અસર કરતાં હોયને તેવું દસ્તાવેજ ગુજ.સોમીબેનને કે તેના વારસદાર દરજજે અમોને કોઈ પણ રીતે બંધનકર્તા નથી અને અમારા હકક, હિસ્સાની ગણતરી સબંધે ઘ્યાને લેવા પાત્ર નથી સદર દસ્તાવેજ તે સદરહુ દાવાવાળી જમીન સંયુકત મીલકત હોયને તેમજ દાવાવાળી જમીન તમામ મીલકતનું ગુજ.સોમીબેનનો અડધો અવિભાજય હીસ્સો હોઈને અમો વાદીના માતૃશ્રીની સહી સમંતી સીવાય પ્રતિવાદીનં.૧ના ને એકલાને વેચાણ આપવા કોઈ હકક કે અધીકાર નથી પરંતુ પ્રતિવાદીનં.૧ના એ એકલાએ સંયુકત મીલકત ઓળવી જવાના મલીન ઈરાદે ગુજ.સોમીબેનને અંધારામાં રાખી સદર વેચાણ વ્યવહાર કરેલ હોયને તે વ્યવહાર અને વેચાણ દસ્તાવેજ અમોને કોઈ પણ રીતે બંધનકર્તા ન હોવા પણ હાલનો દાવો રજુ છે. તેમજ સદર વ્યવહાર સબંધે રેવન્યુ કોર્ટમાં થયેલ એન્ટ્રી નં.૮૩ થી પડેલ.ત્યારબાદ પ્રતિવાદી નં.૬ (વૃજલાલ આણંદ) એ તેઓ ની જમીનો ની કૌટુંબીક વહેચણી કરતા સદર જમીન પ્રતિવાદી નં.૭ ના હિસ્સે,કબજે આવેલ અને તેની નોંધ રેવન્યુ રેકર્ડ માં એન્ટ્રી નં.૩૯૮ થી પડેલ છે તેમ નોંધ નં.૮૩ તથા નં.૩૯૮ ની તેમજ ત્યારબાદ સદર વ્યવહાર વાળી જમીનની તમામ નોંધ થતાંની સાથેજ રદ બાતલ છે અને અમારા હક્ક,હિત,હિસ્સા વિરુઘ્ધની હોઈને અમોને કોઈ પણ રીતે બંધનકર્તા નથી. ઉપરોકત વિગતે પ્રતિવાદીનં.૧ના એ પોતે એકલાના નામે દાવાવાળી સંયુકત અવિભાજય મીલકત કરાવી લઈ ત્યારબાદ સદર સંયુક્ત અવિભાજય મીલકત પૈકી સ.નં.૧૦૬ માંથી દક્ષીણ દીશા તરફની એકર ૨–૦૦ ગુઠા જમીન બામણાસા ગામના રહીશ પોપટ વૃજલાલને રજી.દ.અનુ.નં.૫૭૩,તા.૧૫/૧૧/૧૯૯૧ ના રોજ અમારા માતૃશ્રી ગુ.સોમીબેન ને અંધારા મા રાખી તેણી ની સહી સંમતી સિવાય ગુ.સોમીબેન સાથે વિશ્વાસધાત, છેતરપીડી, ફ્રોડ કરી જે દસ્તાવેજ ની માહીતી અમો એ માહીતી અધિકાર ના કાયદા હેઠળ અરજી કરતા અને અમો ને તા.૮/૯/૨૦૧૭ ના રોજ નકલો મળતા પ્રથમ

વખત સદર ફ્રોડ થી થયેલ દસ્તાવેજ ની માહીતી મળેલ છે તે વેચાણ આપી દીધેલ જે અન્વયે રેવન્યુ રેકર્ડમાં એન્ટ્રીનં.૫૦૨ થી થયેલ છે જે વેચાણ વ્યવહાર તે ગુજ.સોમીબેન ના હકક,હિસ્સાને સીધીરીતે અસર કરતાં હોયને તે દસ્તાવેજનું સોમીબેનને કે તેના વારસદાર દરજજે અમોને કોઈ પણ રીતે બંધનકર્તા નથી અને અમારા હક, હિસ્સાની ગણતરી સબંધે ધ્યાને લેવા પાત્ર નથી સદરહુ દાવાવાળી જમીન તે અવિભાજય સંયુકત મીલકત હોયને અને તેમાં અમારા માતૃશ્રી સોમીબેનનો અડધો અવિભાજય હીસ્સો હોયને અમારા માતૃશ્રી સોમીબેનની સહી સમંતી સીવાય પ્રતિવાદીનં.૧નાને એકલાને વેચાણ આપવા કોઈ હકક કે અધીકાર નથી.પરંતુ સંયુકત મીલકત ઓળવી જવાના મલીન ઈરાદાથી અમારા માતૃશ્રી ને અંધારામાં રાખી ફ્રોડ યુક્ત રીતે સદર વેચાણ વ્યવહાર કરેલ હોયને અમોને કોઈ પણ રીતે બંધનકર્તા ન હોવા માટે પણ હાલનો દાવો રજુ છે તેમજ સદર વ્યવહાર સબંધે થયેલ રેવન્યુ એન્ટ્રી નં.૫૪૨ તેમજ ત્યારબાદ થયેલ રેવન્યુ એન્ટ્રી થતાંની સાથેજ રદ બાતલ છે અને આવી નોંધ અમારા હકક, હિસ્સા વિરુધ્ધની હોયને અમોને કોઈ પણ રીતે બંધનકર્તા ન હોવા માટે પણ હાલનો દાવો રજુ છે. સદરહુ દાવાવાળી મીલકત ઉપર પ્રતિવાદીનં.૧ના એ અમારી માતૃશ્રી સોમીબેન ની અને અમારી જાણ બહાર અંધારામાં રાખી જુદી જુદી બેંકો પાસેથી લોન મેળવેલ છે જે અન્વયે રેવન્યુ રેકર્ડમાં જુદી જુદી બોજા નોંધ પણ થયેલ જે તમામ લોન તથા બોજા તે અમારા હકક,હીત, વિરુધ્ધ ની હોયને અમોને કોઈપણ રીતે બંધાનકર્તા નથી કે અમારી આવી લોન કે બોજા સબંધેની કોઈ જવાબદારી રહેતી નથી અને અમોને કોઈ પણ રીતે બંધનકર્તા નથી. દાવાવાળી જમીન તે સંયુક્ત હીન્દુ અવિભકત કુટુંબની વડીલોપાર્જીત સંયુકત અવિભાજય મીલકત છે અને તેમાં અમારા માતૃશ્રી સોમીબેન નો અવિભાજય ૧/૨ હીસ્સો રહેલો છે અમાર઼ા માતૃશ્રી સોમીબેન ના લીધીલીટીના વારસદાર દરજજે અમારો હિસ્સો છે જે અમો હવે સંયુકત રહેવા દેવા માંગતાં નથી જેથી સદરહુ દાવા વાળી સંયુક્ત મીલકતમાંથી થતો અમારો થતો હીસ્સો આપવા પ્રતિવાદીનં.૧ને ગત ગત તા. ૨૬/૪/૨૦૧૭ ના રોજ. જણાવતાં મેને કોઈ આપવધુ દરે ચાને ઉપજ કોઈપણે "સ્સો આપવા સાફ ઈનકાર કરતાં અમારો થતો હીસ્સો મળવા હાલનો દાવો લાવવા ફરજ પડેલ છે. વાદીએ તેમની દાવા અરજી માં એવી દાદ ની માંગણી કરેલી છે કે, દાવાવાળી મીલકત તે દાવાની વિગત મુજબની સંયુક્ત અવિભકત કુટુંબની અવિભાજય સંયુકત મીલકત હોવાનું અને તેમાં

ગુજ.સોમીબેન ના વારસો દરજજે અમો વાદીઓનો ૧/૨ હિસ્સો અથવા અમો ને મળવાપાત્ર હિસ્સો હોવાનું ઠરાવી આપવા તેવું વીજ્ઞાપન, ડેકલેરેશન આપવા હુકમ કરવા તેમજ દાવાવાળી મીલક્ત અન્વયે કરેલ વેચાણ વ્યવહાર રજી.દ.અનું નં.૭, તા.૪/૧/૧૯૭૪ નું તથા રજી.દ.અનુ.નં.૫૭૩,તા.૧૫/૧૧/૧૯૯૧ ના બન્ને વેચાણ દસ્તાવેજ અમોને બંધનકર્તા ન હોવાનું ઠરાવી આપવા ડેકલેરેશન આપવા તેમજ દાવાવાળી જમીનની પ્રતિવાદીએ પોતાના એકલાને નામે ચડાવી લેવા રેવન્યુ રેકર્ડમાં કરાવેલ એન્ટ્રીનં.૨૫૪ તેમજ ત્યારબાદની તમામ એન્ટ્રીઓ રદ બાતલ હોવાનું અને અમોને કોઈપણ રીતે બંધનકર્તા ન હોવાનું ઠરાવી આપવા ડેકલેરેશન આપવા તેમજ દાવાવાળી સંયુકત અવિભાજય મીલકતમાંથી અમો વાદીઓનો ૧/૨ હીસ્સો અથવા કાયદા મુજબ અમારો થતો હિસ્સો અલગ કરાવી કબજો ભોગવટો અમોને સોંપી આપવા આદેશ કરવા તેમજ દાવાવાળી જમીનમાંથી અમારો થતો હીસ્સો અમોને અપાવવા માટેના હુકમ મુજબ ના હિસ્સા સી.પી.સી કલમ–૨૦ની જોગવાઈ મુજબ નિયત રેવન્યુ અધીકારી ને હીસ્સા–કબજા જુદા કરી સોપી આપવા માટે ના કરવા જોઈતા જરૂરી હુકમ થવા અરજ છે. દાવાવાળી જમીન ની દાવાની તારીખથી દર વર્ષે થતી ઉપજ નો હીસાબ નામ.કોર્ટ કમીશ્નર દ્વારા કરાવવા અને તે માટે કોર્ટ કમીશ્નર નિયુક્ત થવા અને તે મુજબનો અમારો થતો ઉપજનો હિસ્સો અમોને અપાવવા અરજ છે. આ દાવાવાળી મીલકત આ કામના પ્રતિવાદીઓ કે તેમના કોઈ પણ કુલ મુખત્યાર કે કાનુની પ્રતિનીધીઓ કે એજન્ટો કે પેટા એજન્ટો કે તેમના વતી કે થકી કામ કરતાં આસામીઓ દાવાવાળી મીલકતો અન્ય કોઈને વેચાણથી કે વીલ થી કે બક્ષીસ થી કે લીઝ થી ભાગ થી ખેડવા કે અન્યથા કોઈ પણ રીતે કબજો તબદીલ કરે કરાવે નહી તેવો કાયમી આજ્ઞાત્મક પ્રતિબંધક મનાઈ હુકમ ફરમાવવા અરજ છે.

(૩) વાદીએ તેમના દાવાના સમર્થન માં દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે જે વંચાણે લેવામાં આવેલ છે.

(૪) સદર દાવાના કામે પ્ર.વાદી નં. ૫ અને ૬ ના ઓએ આંક ૨૧ થી જવાબ રજુ કરવામાં આવેલ છે તે વંચાણે લેવામાં આવે તો, ખરી હકિકતે અમો પ્રતિ. નં. ૫, ૬ ના દાવાવાળી મિલકત પૈકીની ખેતીની જમીનો કાયદેસર રીતે રજી. વેચાણથી શુધ્ધબુધ્ધિના ખરીદનારાઓ છીએ. ખરી હકિકતે પ્રતિવાદી નં. ૧ ની સ્વતંત્ર અને સુવાંગ માલીકી અને કબજા ભોગવટાની આવેલ હતી. જે માંહેથી સર્વે નં.

૧૦૯/પૈકી ૨ તથા સર્વે નં. ૪ વાળી જમીનો પ્રતિવાદી નં. ૫ અને ૬ નાએ રજી. વેચાણ દસ્તાવેજથી અવેજ ચુકવી ખરીદ કરેલ ત્યારથી સદરહું જમીનના માલિક અને કબજેભોગવટેદાર પ્રતિ. નં. ૫ અને ૬ ના બનેલ. ખરી હકિકતે પ્રતિવાદી નં. ૧ નાએ સર્વે નં. ૪ ની જમીન એકર ૪–૦૩ ગુંઠા પ્રતિવાદી નં. ૬ નાને (વૃજલાલ આણંદ) ને રજી. દસ્તાવેજથી વેચાણ આપેલ હતી. પરંતુ આ વેચાણ વ્યવહાર વાદીના માતૃશ્રી ગુજ. સોમીબેનને અંધારામાં રાખી તેણીની સહી, સંમંતી સિવાય ગુજ. સોમીબેન સાથે વિશ્વાસઘાત, છેતરપીંડી, ફ્રોડ કરી કરેલ હોવાનુ ખરૂ નથી. તેમજ સદરહું દસ્તાવેજમાં સર્વે નં. ૪ ના બદલે સર્વે નં. ૩ ની જમીન એકર ૩–૨૬ ગુંઠા લખાય ગયેલ હતી. જેથી તે સંબંધે રેવન્યુ રેકર્ડ એન્ટ્રી નં. ૨૮૩ પડેલ છે. ત્યારબાદ પ્રતિવાદી નં. ૬ (વૃજલાલ આણંદ) એ તેઓની જમીનોની કૌટુંબીક વહેંચણી કરતા સદર જમીન અમો પ્રતિવાદી નં. ૭ ના હિસ્સે, કબજે આવેલ અને તેની નોંધ રેવન્યુ રેકર્ડમાં એન્ટ્રી નં. ૩૯૮ થી પડેલ છે. પરંતુ આ રેવન્યુ રેકર્ડની નોંધ નં. ૨૮૩ તથા નોંધ નં. ૩૯૮ અને ત્યારબાદ દાવાવાળી જમીન સંબંધે પડેલ ઉતરોતરની તમામ નોંધો રદ બાતલ હોવાનુ કે આ નોંધો વાદીના હકક, હિત, હિસ્સા વિરૂઘ્ધની હોય, વાદીઓને કોઈપણ રીતે બંધનકર્તા ન હોય રદબાતલ થવા પાત્ર હોવાનુ વાદીઓનુ કથન ખરૂ ન હોય આથી તેનો સ્પષ્ટપણે ઈન્કાર કરવામાં આવે છે. આમ રેવન્યુ રેકર્ડની નોંધ જોતા સર્વે નં. ૪ વાળી મિલકત પ્રતિવાદી નં. ૧ નાની માલીકીની અને કબજા ભોગવટાની આવેલ હોય, તેવી ખરાઇ કરી શુધ્ધિ બુધ્ધિના ખરીદનાર તરીકે અમો પ્રતિવાદી નં. ૫ અને ૭ ના પિતાશ્રી પ્રતિવાદી નં. ૬ નાએ આ મિલકત તેમની પાસેથી ખરીદ કરેલ છે. તેમજ પ્રતિવાદી નં. ૬ નાએ કાયદેસરનો અવેજ ચુકવી પ્રતિવાદી નં. ૧ પાસેથી રજી. વેચાણ દસ્તાવેજથી કાયદેસર રીતે સદરહું મિલ્કત ખરીદ કરેલ છે અને ત્યારથી પ્રતિવાદી નં. ૬ના આ દાવાવાળી સદરહું મીલ્કતના શુઘ્ધબુધ્ધિના ખરીદનાર હતા ત્યારબાદ પ્રતિ. નં. ૬ નાએ તેઓની માલીકી અને કબજા ભોગવટાની જમીનોની કૌટુંબીક વહેંચણી કરતા સદર સર્વે નં. ૪ વાળી જમીન અમો પ્રતિવાદી નં. ૭ ના હિસ્સે, કબજે આવેલ અને ત્યારથી આ દાવાવાળી સદરહું મિલ્કતનો માલિકી અને કબજો ભોગવટો અમો પ્રતિવાદી નં. ૭ નો આવેલ છે. જેથી દાવાવાળી સદરહું મિલ્કતમાં વાદીનો કોઈપણ જાતનો હકક, હિત, હિસ્સો કે અધીકાર આવેલ નથી. કે વાદી આવો કોઈ હકક, હિત, હિસ્સો માંગવા કે મેળવવા હકકદાર નથી. વાદી આ વેચાણ વ્યવહાર ચેલેન્જ

કરી શકતા નથી. ખરી હકિકતે પ્રતિવાદી નં. ૧ નાએ સર્વે નં. ૧૦૬માંથી દક્ષિણ દિશા તરફની જમીન એકર ૨–૦૦ ગુંઠા જમીન અમે પ્રતિ. નં. ૫ નાને રજી. દસ્તાવેજ અનુ. નં. ૫૭૩, તા. ૧૫/૧૧/૧૯૯૧ ના રોજ વેચાણ આપેલ છે. પરંતુ આ વેચાણ વ્યવહાર વાદીના માતૃશ્રી ગુજ. સોમીબેનને અંધારામાં રાખી તેણીની સહી, સંમંતી સિવાય ગુજ. સોમીબેન સાથે વિશ્વાસઘાત, છેતરપીડી, ફ્રોડ કરી કરેલ હોવાનુ ખરૂ નથી. સદરહું વેચાણ દસ્તાવેજના આધારે રેવન્યુ રેકર્ડમાં એન્ટ્રી નં. ૫૦૨ થી થયેલ છે જેથી આ નોંધ વાદીના હકક, હિત, હિસ્સા વિરૂધ્ધની હોય, વાદીઓને કોઈપણ રીતે બંધનકર્તા ન હોય રદબાતલ થવા પાત્ર હોવાનુ વાદીઓનુ કથન ખરૂ ન હોય આથી તેનો સ્પષ્ટપણે ઈન્કાર કરવામાં આવે છે. આમ રેવન્યુ રેકર્ડની નોંધ જોતા સર્વે નં. ૧૦૬ વાળી મિલકત પ્રતિવાદી નં. ૧ નાની માલીકીની અને કબજા ભોગવટાની આવેલ હોય, તેવી ખરાઈ કરી શુધ્ધિ બુધ્ધિના ખરીદનાર તરીકે અમો પ્રતિવાદી નં. ૫ નાએ આ મિલકત તેમની પાસેથી ખરીદ કરેલ છે. તેમજ અમો પ્રતિવાદી નં. ૫ નાએ કાયદેસરનો અવેજ ચુકવી પ્રતિવાદી નં. ૧ પાસેથી રજી. વેચાણ દસ્તાવેજથી કાયદેસર રીતે સદરહું મિલ્કત ખરીદ કરેલ છે અને ત્યારથી અમો પ્રતિવાદી નં. ૫ ના આ દાવાવાળી સદરહું સર્વે નં. ૧૦૬/પૈકી ૨ વાળી મીલ્કતના શુધ્ધબુધ્ધિના ખરીદનાર છીએ અને ત્યારથી આ દાવાવાળી સદરહું મિલ્કતનો માલિકી અને કબજો ભોગવટો અમો પ્રતિવાદી નં. ૫ નો આવેલ છે. જેથી દાવાવાળી સદરહું મિલ્કતમાં વાદીનો કોઈપણ જાતનો હકક, હિત, હિસ્સો કે અધીકાર આવેલ નથી. કે વાદી આવો કોઈ હકક, હિત, હિસ્સો માંગવા કે મેળવવા હકકદાર નથી. વાદી આ વેચાણ વ્યવહાર ચેલેન્જ કરી શકતા નથી. આ ઉપરાંત આ કામના વાદીઓના કથન મુજબ સદરહું દાવાવાળી સંયુક્ત મિલકતમાંથી વાદીનો થતો હિસ્સો આપવા અમો પ્રતિવાદીઓને કયારેય કોઇ જાણ કરેલ નથી કે અમો પ્રતિવાદી પાસે હિસ્સા સંબંધે માંગણી કરેલ નથી જેથી વાદીઓને હિસ્સો આપવાનો ઈન્કાર કરવાનો કોઈ પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી. ખરી હકિકતે વાદીઓના વડીલોએ તેમની હયાતીમાં કયારેય પણ આ મીલ્કત સબંધે તકરાર ઉપસ્થિત કરેલ નથી. વર્ષ–૧૯૭૫ અને વર્ષ–૧૯૯૧ માં જયારે પ્રતિવાદી નં. ૫ અને ૬ ના નામે રેવન્તુ રેકર્ડની નોંધ પ્રમાણીત થઈ ગયેલ છે ત્યારે આવો વ્યવહાર વાદીઓ હવે ચેલેન્જ કરી શકે નહી. વાદીઓએ માલાફાઈડ ઈન્ટેન્શનથી અને ટાઈટલ તકરારી બનાવવાના હેતુથી ખોટા કથનો કરી ખોટો દાવો લાવેલ છે.

આ કામના વાદી નં. ૧, ૨ તથા ૪ નાએ વાદી નં. ૩ નાને આપેલ પાવર ઓફ એર્ટની જોવામાં આવે તો આ પાવર ઓફ એર્ટની માત્ર બે સર્વે નંબર એટલે કે સર્વે નં. ૧૦૬/ પૈકી ૧ અને સર્વે નં. ૩ ની મિલકત પુરતુ જ આપવામાં આવેલ હોય તેવુ જણાય છે. જેથી વાદી નં. ૩ નાને સર્વે નં. ૧૦૬/ પૈકી ૨ તથા સર્વે નં. ૪ ની જમીન સંબંધે દાવો લાવવા કે દાવામાં કે મનાઈ હુકમની અરજીમાં સહી કરવા કોઈપણ જાતના હક્ક, સતા કે અધિકાર ન હોવા છતાં હાલનો દાવો લાવેલ હોય, તેમજ સર્વે નં. ૧૦૬/ પૈકી ૨ તથા સર્વે નં. ૪ ના થયેલ દસ્તાવેજો રદ કરવા સંબંધે કોઈ દાદ માંગવામાં આવેલ નથી, જેથી પણ વાદીઓનો દાવો તથા મનાઈ હુકમની અરજી રદ થવા પાત્ર છે.

(૪) વાદી ની આંક ૫ ની અરજી લગત વાદીના વિધ્વાન વકીલશ્રી ને તથા પ્ર.વાદી તર્ફે વિધ્વાન વકીલશ્રી બોરીચાંગર ને સાંભળવામા આવેલ છે. આંક ૫ નો ન્યાય નિર્ણય કરવા માટે નીચે મુજબ ના મુદ્દાઓ કાઢવામાં આવેલ છે.

**–:: મુદ્દાઓ ::–**

(૧) શું વાદી નો પ્રથમર્દશનીય કેસ છે ?
(૨) શું વાદી ને મનાઇ હુકમ આપવામાં ન આવે તો, વાદી ને નાણાથી પણ ભરપાઇ ન થઇ શકે તેવુ નુકશાન થાય તેમ છે. ?
(૩) શું બેલેન્સ ઓફ કન્વીયન્સ વાદી ના લાભા માં છે ?
(૪) શું હુકમ ?

(૫) ઉપરોકત મુદ્દાઓના મારા જવાબ નીચે મુજબ છે.

(૧) **નકાર માં..**
(૨) **નકારા માં..**
(૩) **નકાર માં..**
(૪) **આખરી હુકમ મુજબ...**

**<u>–:: કારણો ::–</u>**

ઉપરોકત મુદ્દાઓ એકબીજા સાથે સંકળાયેલા હોઇ અને વારંવાર ચર્ચા નું પુનરાર્વતન ન થાય તે હેતુ થી તમામ મુદ્દાઓની એકસાથે ચર્ચા કરવામાં આવેલી છે.

(૭) વાદીએ હાલનો દાવો પાર્ટીશન તથા વિજ્ઞાપન અને મનાઈહુકમ મેળવવા માટે દાખલ કરેલો છે. દાવાવાળી જમીન મુળ જોવામાં આવે તો, દાવાવાળી જમીન તે ગુજ.સોમીબેન તથા પ્રતિવાદીનં.૧ના પિતાશ્રી દેવદાન હીરાની માલીકી કબજા ભોગવટાની વડીલોપાર્જીત મીલકત આવેલ હતી. આ કામના પ્રતિવાદીનં.૧ના એ ગુજ.સોમીબેન અને પ્રતિવાદીનં.૧ના પિતાશ્રી ગુજ. હરીજન દેવદાન હીરાના અવશાન બાદ ગુજ.સોમીબેનને અંધારામાં રાખી તેઓની જાણ બહાર રેવન્યુ તલાટી મંત્રી અને કર્મચારીઓ સાથે મળી જઈ સાંઠગાંઠ કરી વિશ્વાસઘાત –છેતર પીઠી કરી ફ્રોડ આચરી એન્ટ્રી નં.૨૫૪ થી વારસદાર હોવા ની વારસાઈ નોંધ કરેલ અને તે જ નોંધ થી અમો વાદીઓના માતૃશ્રી સોમીબેન તથા તેણીના માતૃશ્રી મધુબેન ના હકક,હિસ્સો ઉઠાવી લેવાની બંન્ને એકજ એન્ટ્રીથી પડાવી લીધેલ છે.અને દાવાવાળી તમામ જમીન પોતાના એકલાના નામે ગેરકાયદેસર રીતે કરાવી લીધા બાદ તેમાંથી સ.નં.૩ પૈકી ની જમીન એ.૩–૨૬ ગુઠા આ કામ ના પ્રતિવાદી નં.૬(વૃજલાલ આણંદ)ને રજી.દ.અનુ.નં.૭, તા.૭/૧/૭૪ ના દસ્તાવેજથી અમો વાદી ના માતૃશ્રી ગુ.સોમીબેન ને અંધારા મા રાખી સહી,સંમતી સિવાય ગુ.સોમીબેન સાથે વિશ્વાસધાત,છેતરપીડી,ફ્રોડ આચરી વેચાણ આપી દીધેલ છે જે અન્વયે રેવન્યુ રેકર્ડ એન્ટ્રી નં.૮૩ પડેલ છે. સદર હકીકતો ઘ્યાને લેતા આ કામના વાદીએ દાવાવાળિ જમીન માંથી હકક ની માંગણી કરી ત્યારબાદ પ્ર.વાદીઓએ કોઇ તેને તબદીલ કરેલી હોઇ તેવી કોઇ હકીકત ફલીત થતી નથી. અને દાવો કર્યા પહેલા ની તબદીલ કરેલી છે તે સંજોગોમાં વાદી ના વડીલ નું નામ ઘણા સમય પહેલા થી કમી કરવામં આવેલ હોઇ તે અંગે વાદીએ રેવન્યુ ખાતે કાર્યવાહી કરવાની રહે છે અને જયાં સુધી વાદીનો દાવાવાળી જમીન માં કોઇ હકક રહેલો છે તો તે બાબતે વાદીએ તે હકીકત પુરાવાથી પુરવાર કરવાની રહે છે. જેથી હાલના તબકકે વાદીને મનાઇ હુકમ આપવામાં ન આવે તો તેનાથી વાદી ને કોઇ નાણા થી પણ નુકશાન થાય તેમ નથી અને વાદીએ જયારે રજી.વેચાણ દસ્તાવેજ ને પણ પડકારેલા હોઇ તો તે અંગે લીસપેન્ડન્સી કરાવી શકે છે તે સંજોગોમાં પ્ર.વાદીઓ જે હાલમાં રજી. વેચાણ દસ્તાવેજ ના આધારે માલીક હોઇ અને વાદીઓ ધ્વારા જયા સુધી કહેવાતી એન્ટ્રી કે દસ્તાવેજ ફ્રોડ કરી ને કરાવી લીધા છે તે હકીકત માનવાને આવે તેવો કોઇ

પ્રથમદર્શનીય આધાર પુરાવો રજુ કરવામાં આવેલ ન હોઇ ત્યારે પ્ર.વાદીની વિરુધ્ધ માં મનાઇ હુકમ આપી શકાય નહી. અને ફ્રોડ થી દસ્તાવેજ કરેલ છે કે રેવન્યુ રેકર્ડ માં એન્ટ્રી કરાવેલી છે તે હકીકત પુરાવાનો વિષય છે અને જયાં સુધી તે અંગેનો પુરાવો નોધાવા માં ન આવે ત્યાં સુધી તે નકકી થઇ શકે નહી જેથી વાદીની આક ૫ લગત મનાઇ હુકમ આપવાપાત્ર કોઇ કેસ જણાઇ આવતો ન હોઇ મુદ્દા નં. ૧ થી ૩ નો જવાબ નકાર માં આપી નીચે મુજબ નો આખરી હુકમ કરવામાં આવે છે.

**-:: આખરી હુકમ ::-**

**(૧)** વાદીની **આંક ૫ ની અરજી નામંજુર** કરવામાં આવે છે.

**(૨)** ખર્ચ અંગે કોઇ હુકમ કરવામાં આવતો નથી.

**હુકમ આજરોજ ખુલ્લી અદાલત માં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.**

સ્થળ : વેરાવળ
તા.૦૪/૧૦/૨૦૨૫

**(જીતેન્દ્રસિંહ અભેસિંહ રાણા)**
ત્રીજા એડીશ્નલ સીનીયર સીવીલ જજ,
મુ. વેરાવળ જી. ગીર સોમનાથ